પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૧૧૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૩-૦૧-૨૦૨૨ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 112 PRICE :-RS. 1.50 DATE : 03-01-2022

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોદીના ત્રિપુરા પ્રવાસ પહેલા BSF એલર્ટ

# ભારત-બાંગ્લાદેશ સરહદે સુરક્ષા અને પેટ્રોલિંગ વધારવામાં આવ્યું

અગરતલ્લા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ જાન્યુઆરીએ ત્રિપુરાના પ્રવાસે જઈ રહ્યા છે. આ પ્રવાસને લઈને રાજયમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રાજયમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા સઘન કરવામાં આવી છે. આ સિવાય બોર્ડર સિક્યુરિટી ફોર્સની વધારાની તૈનાતી પણ કરવામાં આવી છે.

વડાપ્રધાન તેમની મુલાકાત દરમિયાન એરપોર્ટના નવા ટર્મિનલનું ઉદ્‌ઘાટન કરશે. આ દરમિયાન તેમની સાથે ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેવાના છે. પીએમ મોદી રાજધાની અગરતલામાં એક જનસભાને પણ સંબોધિત કરવાના છે.બીએસએફના ૧૨૦ બટાલિયન કમાન્ડન્ટ રત્નેશ કુમારે કહ્યું, જ્યારે પણ



વીવીઆઈપી લોકો મુલાકાત લે છે, ત્યારે કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે તકેદારી વધારવામાં આવે છે. આ વિસ્તારોમાં પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે.

ભારતીય જનતા પાર્ટીના સૂત્રોએ એમ પણ જણાવ્યું કે વડાપ્રધાન અગરતલાના સ્વામી વિવેકાનંદ સ્ટેડિયમમાં જાહેર સભાને સંબોધશે. નવા ટર્મિનલ બિલ્ડીંગના ઉદ્‌ઘાટન સાથે, મહારાજા બીર બિક્રમ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની યાદીમાં જોડાવા માટે તૈયાર છે.


ત્રિપુરાના મુખ્યપ્રધાન બિપ્લબ દેવે માહિતી આપી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાજા બીર બિક્રમ એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કરવા ૪ જાન્યુઆરીએ ત્રિપુરાની મુલાકાત લેશે. સીએમ દેવે કહ્યું કે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહેશે. નવી ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડીંગ રૂ. ૩,૪૦૦ કરોડના ખર્ચે બાંધવામાં આવી છે.

ત્રિપુરાના મુખ્યમંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, મને વડાપ્રધાન કાર્યાલય તરફથી એક ફોન આવ્યો છે જેમાં વડાપ્રધાનની ત્રિપુરાની મુલાકાતની પુષ્ટિ અને મહારાજા બીર બિક્રમ એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડીંગના ઉદ્‌ઘાટનની પુષ્ટિ કરવામાં આવી છે, જે ઉત્તર પૂર્વમાં બીજા નંબરનું સૌથી વ્યસ્ત છે. આ સિવાય તે એ જ દિવસે વિવેકાનંદ મેદાનમાં એક રેલીને પણ સંબોધિત કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦ ચેક-ઈન કાઉન્ટરો સાથે, એનઆઈબીટી એક દિવસમાં આંતરરાષ્ટ્રીય મુસાફરો સહિત ૧,૨૦૦ મુસાફરોને હેન્ડલ કરી શકશે.

# ફિરોજપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીનો કિસાનો વિરોધ કરશે

ફિરોજપુર,

કિસાન મજદુર સંઘર્ષ કમિટિના મહામંત્રી સરવન સિંહ પંધેરે એક નિવેદન જારી કરી કહ્યું છે કે કિસાન ફિરોજપુરમાં પાંચ જાન્યુઆરીએ યોજાનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી થવા દેશે નહીં.તેમની પ્રદેશ સ્તરીય કમિટિની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે મોદીની રેલીનો વિરોધ કરવામાં આવશે.વડાપ્રધાને ત્રણ કૃષિ બિલ તો રદ કરી દીધા છે પરંતુ એમએસપી ગેરંટી કાનુન બનાવવા ઉપરાંત અન્ય માંગોને હજુ પુરી કરી નથી તે માંગો પર કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી વડાપ્રધાન તેમની બાકીની માંગો પણ સ્વીકાર કરી લે ત્યારે ફિરોજપુરમાં રેલી કરે તેમને કોઈ વાંધો ન થી કિસાન નેતાઓએ પંજાબના તમામ કિસાનોને વડાપ્રધાનની રેલીનો વિરોધ કરવા માટે ફિરોજપુર પહોંચવા માટે અપીલ કરી છે. પંધરે કહ્યું કે કિસાનોએ આંદોલન પાછું લીધો નથી સ્થગિત કર્યું છે વડાપ્રધાન પંજાબમાં ચુંટણી પ્રચાર માટે ફિરોજપુરમાં મોટી રેલી કરવા પહોંચી રહ્યાં છે આ રેલી તે થવા દેશે નહીં. ડિસેમ્બર પુરો થઇ ગયો નવું વર્ષ આવી ગયું કેન્દ્ર સરકારે કિસાનોની બાકી માંગો પર કોઈ કાર્યવાહી શરૂ કરી નથી પંધરે કહ્યું કે એમએસપી ગેરંટી કાનુન બનાવવાની વાત કહી છે તેનાથી સમગ્ર દેશના કિસાનોને લાભ થશે આ ઉપરાંત દિલ્હીમાં નવજવાનો અને મજદુરો પર ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા છે તેને રદ કરવામાં આવે આ રીતે શહીદ કિસાનોને વળતર અને તેમના પરિવારજનોને નોકરી આપવામાં આવે.પ્રદુષણ એકટમાં પણ સુધારો કરવામાં આવ્યો નથી વિજળી સંશોધન બિલ પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી લખીમપુર ખીરીની ઘટનાના આરોપીઓ પર કાર્યવાહી કરવામાં આવી નથી આરોપી પોતાના હોદ્દા પર વિરાજમાન છે. પંધેરે ફિરોજપુર,મોગા ફાઝિલ્કા તરનતારન કપુરથલા જાલંધર ફરીદકોટ અને પંજાબના કિસાનોને તૈયારીઓ કરી પાંચ જાન્યુઆરીએ ફિરોજપુર પહોંચવાની અપીલ કરી છે. પંધેરે કહ્યું કે ભાજપ પંજાબના લોકોને જાતિવાદ અને ધર્મના નામ પર વિભાજીત કરવા ઈચ્છે છે. આરએસએસની વિચારધારા દેશના ટુંકડા કરવાની છે પંધેરે કહ્યું કે રેલીના વિરોધની જાહેરાત પહેલા કરવામાં આવી રહી છે જેથી પંજાબ સરકાર વડાપ્રધાનની રેલીથી પંજાબની કાયદો વ્યવસ્થા ખરાબ થવા પહેલા રેલીને રદ કરી શકે સમગ્ર પંજાબના કિસાન ફિરોજપુરમાં પાંચ જાન્યુઆરીએ એકત્રિત થશે.




# પહેલાંની સરકારોએ લોકો સાથે ગંદી રમત રમી, હવે યોગી સરકાર આવા તત્ત્વો સાથે જેલ-જેલ રમે છે !

મેરઠ,

કેન્દ્રિય રાજનીતિનો અખાડો ગણાતું ઉત્તર પ્રદેશ હાલ રાજકીય રંગે રંગાયેલું જોવા મળી રહ્યું છે. આગામી સમયમાં ઉત્તર પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભાજપ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો હાલ યૂપીની ચૂંટણીમાં કાઢું કાઢવા માટે એડી ચોંટીનું જોર લગાવી રહ્યું છે. ત્યારે આજે પીએમ મોદીએ યુપીના મેરઠમાં જાહેર સભાને સંબોધતા વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતાં. પીએમ મોદીએ કહ્યુંકે, પહેલાંની સરકારોએ અહીંના લોકો સાથે ગંદી રાજરમત રમી છે. પહેલાં મેરઠમાં માફિયાઓનો ખેલ ચાલતો હતો. હવે યૂપીની યોગી સરકાર આવા તત્વો સાથે જેલ-જેલની રમત રમી રહી છે.




નવા વર્ષનો પહેલો રવિવાર યુપીના રાજકારણ માટે સુપર સન્ડે બની રહ્યો છે. પ્રધાનમંત્રી મોદી ફરી એકવાર સ્વતંત્રતા સંગ્રામની ભૂમિ ઉત્તર પ્રદેશના મેરઠની મુલાકાતે પહોંત્યા હતાં. જ્યાં વિશાળ જનસભાને સંબોધતી વખતે પીએમ મોદીએ અગાઉની સરકારોને આડેહાથ લીધી. મહત્ત્વનું છેકે, પીએમ મોદીએ આજે યુપીના મેરઠમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો. સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું નામ મેજર ધ્યાનચંદના નામે સમર્પિત કરવામાં આવે છે. મેજર ધ્યાનચંદના નામમાં પણ સંદેશ છે. ધ્યાનચંદના નામે જોડાયેલી આ યુનિવર્સિટીમાં ધ્યાનથી કામ કરતા લોકોને ખુબ સારી તક મળશે. યુપીની પહેલી સ્પોર્ટ્સ યુનિવર્સિટી છે. યુવાઓને રમતોથી જોડાયેલી આંતરરાષ્ટ્રીય સુવિધાઓ અહીં મળી રહેશે.

ઉલ્લેખનીય છેકે, ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે નોટિફિકેશન બહાર પાડવામાં આવે તે પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મેરઠમાં મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો. પીએમ મોદી સરધનાના સલવા ખાતે સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ પણ કર્યો. અને ત્યારબાદ તેઓ એક મોટી રેલીને પણ સંબોધિત કરી. પીએમ મોદી શિલાન્યાસ કરતા પહેલા ઔઘડનાથ મંદિર અને શહીદ મડકમાં ૧૮૫૭ના અમર શહીદોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, મેરઠ અમારી સંસ્કૃતિ અને સામર્થ્યનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. રામાયણ અને મહાભારતકાળ પહેલાંની યાદો મેરઠ સાથે જોડાયેલી છે.પહેલાની સરકારોએ અહીંના લોકો સાથે ગંદી રમત રમી છે. હવે યોગીજીની સરકાર આવા આરોપીઓ સાથે જેલ-જેલ રમે છે. પહેલાં મેરઠની દિકરીઓ ઘરેથી બહાર નીકળતા ડરતી હતી. આજે દેશનું નામ રોશન કરે છે. પહેલાં મેરઠમાં માફિયા પોતાનો ખેલ ખેલતા હતા. અહીં અવૈધ કબ્જો હાંસલ કરવાના મુકાબલા થતા હતા. પહેલાંની સરકારો પોતાનો રાજ રમત રમતી રહેતી હતી. તે સમયે ખેલાડીઓનું અપમાન અને અવગણના થતી હતી. હવે એવું નહીં થાય. હવે ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા મળી રહે અહીં તેવી વ્યવસ્થા કરાઈ છે.

# મહારાષ્ટ્રના રાજ્યપાલે આશ્રય યોજના મામલે તપાસના આદેશ આપ્યા

મુંબઈ,

મહારાષ્ટ્રમાં બીએમસી કર્મચારીઓ માટે શરૂ કરવામાં આવેલી આશ્રય યોજનાને લઈને રાજ્ય સરકારને ઝટકો લાગ્યો છે. શિવસેનાને મોટો ફટકો આપતા, મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ મ્સ્ઝની "આશ્રય યોજના" ની તપાસના આદેશ આપ્યા છે. રાજ્યપાલે મહારાષ્ટ્રના લોકાયુક્તને આ મામલે તપાસ કરવાનો આદેશ આપ્યો છે. ભાજપનો આરોપ છે કે બીએમસીની આશ્રય યોજનામાં ૧ હજાર ૮૦૦ કરોડનું કૌભાંડ થયું છે.

બીએમસીની "આશ્રય યોજના" અંગે ભાજપના આરોપો અનુસાર, સીવીસી (સેન્ટ્રલ વિજિલન્સ કમિશન)ના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. નિયમો અનુસાર, જો એક જ સહભાગી ટેન્ડરમાં ભાગ લે તો ટેન્ડર પરત લેવુ જોઈએ, પરંતુ આવું



થયું નથી. આશ્રય યોજના હેઠળ, બીએમસી કર્મચારીઓ માટે ઘર બનાવી રહી હતી.

ભાજપનો આરોપ છે કે બીએમસી અને શિવસેનાએ ૧૮૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું છે. ભાજપે રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીને મળીને આ મામલે ફરિયાદ કરી હતી અને લોકાયુક્તને સમગ્ર મામલાની તપાસ કરવાની માગણી કરવામાં આવી હતી.




# ગુજરાતથી એમપી જતી બસ કોતરમાં પડી, ૩ ના મોત

ભોપાલ,

કાતિલ ઠંડીના ધુમ્મસભર્યા વાતાવરણમાં વધુ એક અકસ્માત બન્યો છે અને મુસાફરોનો ભોગ લેવાયો છે. છોટાઉદેપુરથી મધ્યપ્રદેશના અલીરાજપુર જતી ખાનગી બસ કોતરમાં ખાબકી હતી. જેમાં ૩ મુસાફરોના કમકમાટીભર્યા મોત થયા છે. તેમજ ૨૮ મુસાફરો ઘાયલ થયા છે. વહેલી સવારે ધુમ્મસભર્યા વાતાવરણમાં આ અકસ્માત બન્યો હતો. જેમાં બસ પુલની રેલિંગ તોડી કોતરમાં નીચે પડી હતી. ગુજરાતની સરહદથી માત્ર ૫ કિલોમીટર દૂર મધ્ય પદ્રદેશમા આંબા ડબેરી પાસે વહેલી સવારે અકસ્માત બન્યો હતો. ગાઢ ધુમ્મસને કારણે ઘટના બની હોવાની ચર્ચા છે. ઈજાગ્રસ્તોને અલીરાજપુરની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. બસને કોતરમાંથી બહાર કાઢવા ચાર ચાર જેસીબી મશીનનો સહારો



લેવામાં આવ્યો હતો. બસમાં ૫૦ જેટલા મુસાફરો હોવાનું અનુમાન છે. જોકે, હાલ પ્રાથમિક તપાસમાં બસના ચાલક અને માલિક વિશે કોઈ માહિતી મળી નથી. ગમખ્વાર અકસ્માત બાદ અલીરાજપુર એસપી અને કલેક્ટર પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, છોટાઉદેપુરથી અલીરાજપુર ગેરકાયદેસર રીતે અનેક ખાનગી બસો દોડે છે. જેમાં ખીચોખીચ ભરીને મુસાફરો જતા હોય છે.

# હરિયાણામાં સેનાના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ

જીંદ,

હરિયાણાના જીંદ જિલ્લામાં રવિવારે સેનાના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ થયું હતું.નરવાના શહેરના જાજનવાલા ગામમાં જ્યારે હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું ત્યારે સેનાના ચાર જવાનો સવાર હતા. તમામ જવાન સુરક્ષિત છે,આ ઈમરજન્સી લેન્ડિગ હેલિકોપ્ટરની થતાં ગ્રામજનો તેને જોવા ભારી માત્રામાં ઉમટી પડયા હતા,હેલિકોપ્ટરમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાતા ઈમરજનસી લેન્ડિંગ કરાવવામાં આવી હતી,હાલ કોઈ ટેકનિકલ કારણ જાણવામાં મળ્યુ નથી.

હેલિકોપ્ટરમાં સેનાના ચાર જવાન સવાર હતા. ટેકિનકલ ખામીના કારણે હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ અંગે સેનાની ટેકનિકલ વિંગને જાણ કરવામાં આવી હતી. પરંતુ હેલિકોપ્ટરમાં સવાર સેનાના જવાનોએ હેલિકોપ્ટરમાં શું થયું છે તેની માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો. હાલમાં સેનાના જવાનો તેમના સ્તરે ખામીને સુધારવામાં લાગેલા છે.

# મહીસાગર જિલ્લામાં સાત સ્થળોએ સાતમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમ યોજાયા

લુણાવાડા,
રાજ્ય સરકારના પ્રજાલક્ષી અભિગમ અંતર્ગત વહિવટી પ્રક્રીયામાં પારદર્શિતા લાવવા અને લોકોને ઘર આંગણે જ વિવિધ સરકારી સેવા-યોજનાઓનો લાભ મળી રહે તેવા આશય સાથે મહીસાગર જિલ્લામાં આજે સાત સ્થળોએ સાતમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમ યોજાય રહ્યા છે. તે અંતર્ગત લુણાવાડા તાલુકાના સેણાદરીયા ગોરાડા ગામે પ્રાથમિક શાળા ખાતે લુણાવાડા મામલતદાર આઈ.એચ. પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો. સાથે સાથે બાલાસિનોર તાલુકામાં વણાકબોરી અને બાલાસિનોર નગરપાલીકા ખાતે, વીરપુર તાલુકાના વધાસ ખાતે, ખાનપુર તાલુકામાં બાબલીયા ખાતે, સંતરામપુર તાલુકામાં હિરાપુર ખાતે અને કડાણા તાલુકામાં સરસ્વા ઉત્તર પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં કલ્સ્ટરમાં સમાવિસ્ટ ગામોના અને નગર વિસ્તારના નાગરીકો દ્વારા મળેલ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમ નાના માણસનો આ મોટો કાર્યક્રમ બની રહયો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ઉપરાંત કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા હતા. અને રસીકરણ અભિયાનને પણ વેગવંતુ બનાવતા સેવા સેતુના સ્થળે પણ વેક્સિનેશનનું બુથ રાખવામાં આવ્યું હતું જેનો લોકોએ લાભ લઇ કોવિડ વિરોધી રસી મુકાવી હતી.

આ પ્રસંગે મામલતદારએ જણાવ્યું હતું કે, પ્રજાની લાગણી માંગણી અને અપેક્ષા પુર્ણ કરવા સાથે એકપણ સાચો લાભાર્થી સરકારી લાભોથી બાકત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ અમલમાં આવેલ છે. પહેલા વિવિધ સરકારી સેવા યોજનાઓનાના લાભ/કામ માટે પોતાના કામ ધંધા,ખેતી કામ છોડીને તાલુકા-જિલ્લામાં જવુ પડતુ હતું સરકારે તે ઉદેશ્ય બદલીને સરકારના તમામ અધિકારી કર્મચારીઓને તમારા દ્વારે મોકલ્યા છે. સાથે દરેક યોજનાની માહિતી પણ આ કાર્યક્રમમાં મળવાની છે તો દરેક આ કાર્યક્રમનો લાભ તેવી અપીલ કરી હતી.

આ સેવાસેતુમાં સરકાર તમારા દ્વારે આ થીમના હેતુથી સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યું જેમાં વ્યકિતલક્ષી રજુઆતોના નિકાલ માટે આવક, જાતિ, ક્રિમિલિયર, ડોમિસાઇલ, પ્રમાણપત્રને લગતા દાખલાઓ તેમજ રેશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડમાં નામ નોધાવવાની અરજીઓતથા પી.એમ.જય કાર્ડમાં લાભાર્થીઓની નોંધણી અને કાર્ડ ઈસ્યુ કરવા, રાજ્ય સરકારની કૃષિ, પશુપાલન, સહકાર, વાહન વ્યવહાર, ઇ સ્ટેમ્પીંગ સેવા, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણની યોજનાઓ હેઠળ વ્યક્તિલક્ષી લાભો માટે અરજીઓ વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્રવિધવા સહાય અને વૃધ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ લગતી વિગતો આપી હતી.

સેવા સેતુ કાર્યક્રમમાં સ્થળ પર જે તે અરજદાર રજુઆત લઇને આવ્યા ત્યારે રજુઆતના ગુણદોષ, રજુ કરેલ તથ્યો અને જરૂરીયાત પ્રમાણે સ્થળ મુલાકાત કરીને રજુઆતોનો સ્થળ પર નિકાલ લાવવા જિલ્લા વહીવટી તંત્ર તેમજ તાલુકા કક્ષાના તંત્ર દ્વારા તનતોડ મહેનત કરી આવેલ લાભાર્થીઓને આજના દિવસે તેમના કામનો નિકાલ કરવા ઘનિષ્ઠ પ્રયાસો કર્યા હતા. આ કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારના નાગરીકોનો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

## આજથી મહીસાગર જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષના ૬૬,૯૩૨ કિશોર-કિશોરીઓને કોરોના પ્રતિરોધક રસી આપી સુરક્ષા પ્રદાન કરાશે

લુણાવાડા,
૩જી જાન્યુઆરી, ૨૦૨૨થી મહીસાગર જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષના ૬૬,૯૩૨ કિશોર-કિશોરીઓને કોરોના પ્રતિરોધક રસી આપી સુરક્ષા પ્રદાન કરવામાં આવશે. ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરના કિશોર-કિશોરીઓને રસીનો પ્રથમ ડોઝ આપવા માટે રાજ્ય સરકારની સુચના અને માર્ગદર્શન પ્રમાણે મહીસાગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લા કલેક્ટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહએ જણાવ્યું છે.

અંગેની વિગતો આપતાં ડો. શાહે જણાવ્યું કે, જિલ્લામાં આગામી તા.૧૦ જાન્યુઆરી-૨૦૨૨ પછી ૬,૧૮૭ હેલ્થ વર્કરો અને ૯,૨૧૭ ફ્ન્ટલાઈન કોરોના વોરીયર્સને તેમજ ૬૦ વર્ષથી વધુ ઉંમરના સિનિયર સીટીઝનો અને કો-મોર્બિડ કંન્ડીશન ધરાવતા દર્દીઓને પ્રિકોશન (બુસ્ટર) ડોઝ આપવા પણ આરોગ્ય તંત્ર દ્વારા એકશન પ્લાન ઘડી કાઢવામાં આવ્યોી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા આજે તા. ૩ જાન્યુઆરી-૨૦૨૨ થી ૧૫ થી ૧૮ વર્ષના કિશોરોને રસી આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૨૨૫ સબ સેન્ટર, ૩૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે અને જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓમાં ભણતા બાળકોને રસી આપવા માટે જિલ્લા શિક્ષણાધિકારી સાથે સંકલન કરી આયોજન કરવામાં આવ્યુ હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. શાહએ જણાવ્યુંઆ છે.

મહીસાગર જિલ્લાના તમામ હેલ્થ વર્કરો, ફ્ન્ટલાઈન કોરોના વોરીયર્સને પણ પ્રિકોશન (બુસ્ટર) ડોઝ આપવામાં આવશે. આ સાથે ૬૦ વર્ષથી વધુ વયની વ્યકિતઓ તેમજ કો-મોર્બિડ કન્ડીશન ધરાવતા દર્દીઓ કે જેઓએ અગાઉ રસીના બંન્ને ડોઝ લીધા હોય તેઓને પણ ડોકટરની સલાહ મુજબ પ્રિકોશન (બુસ્ટર) ડોઝ આપવામાં આવશે. કોરોના સામે અસરકારક આ વેક્શિન ફાયદાકારક હોઇ તા.૦૩/૦૧/૨૦૨૨ થી તા.૦૭/૦૧/૨૦૨૨ સુધી ૧૫ થી ૧૮ વર્ષની વયજુથના કિશોર-કિશોરીઓ અને તા.૧૦/૦૧/૨૦૨૨ પછી હેલ્થ વર્કરો, ફ્ન્ટલાઈન કોરોના વોરીયર્સ, ૬૦ વર્ષથી વધારે વયના સિનિયર સીટીઝનો અને કો-મોર્બિડ કંન્ડીશન ધરાવતા દર્દીઓને આ રસીનો લાભ લઈને રસીકરણના કાર્યક્રમમાં સહભાગી થવા મહીસાગર જિલ્લા વહીવટી અને આરોગ્ય તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# સંતરામપુરના ઉખરેલી ગામે ચુંટણીની અદાવતે ફોજીના પરિવાર પર હુમલો

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામે ચૂંટણીની અદાવત રાખીને ફોજીના પરિવાર પર હુમલો કરવામાં આવ્યો. સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામે સરપંચના સભ્ય પક્ષમાંથી ઉમેદવારી નોંધાવી હતી. તે મારૂં શું કરી લીધું અમે તો જીતી ગયા તેમ કહીને ઉમેદવારના પતિ દિનેશભાઈ ડામોર ફોજીના પરિવાર પર હુમલો કરેલો હતો. કલ્પનાબેનના પતિ ધર્મેન્દ્રભાઈ અખમાભાઈ દામા તે લખનૌ ખાતે ફરજ બજાવે છે અને તે ઘરે આવેલા હતા. તે દરમિયાનની અંદર ફોજીનો કોટીયું પકડીને બેફામ ગાળો બોલવા લાગેલા હતા અને મારવાની કોશિશ કરી હતી. અચાનક તેના ઘરના માણસો વચ્ચે પડતાં માનસિંગભાઈના માથામાં લાકડી વડે હુમલો કર્યો હતો અને માથાને હાથના પગે ગંભીર ઈજાઓ થતાં સારવાર હેઠળ ખસેડવામાં હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા હતા. દિનેશભાઈના રજીભાઈ ડામોર, હિતેશભાઈ દિનેશભાઈ ડામોર, લક્ષ્મણભાઈ સોમાભાઈ ડામોર, પ્રવીણભાઈ મનાભાઈ ચોપડા સંતરામપુર પોલીસે ચાર વ્યક્તિ સામે ગુનો દાખલ કર્યો હતો પરંતુ પરિવારોની આક્ષેપ કર્યો કે મારા ઘરે આવીને વીસ-પચ્ચીસ ટોળાઓ ભેગા થઈને મારામારી કરી હતી પરંતુ પોલીસે ચાર વ્યક્તિ સામે ગુનો દાખલ કર્યો છે. આ અંગેની રજૂઆત ફોજમાં ફરજ બજાવતા ધર્મેન્દ્રભાઈ ડામોરે રજૂઆત કરી હતી. આ અંગેની સંતરામપુર પોલીસ સ્ટેશનમાં કલ્પનાબન ધર્મેન્દ્રભાઈ અખમાભાઈ દામા સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સંતરામપુર પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

## સંતરામપુર પાલિકાના અલગ-અલગ વિસ્તારમાં ૧૭ કરોડના ભુગર્ભ ગટર કામગીરી હાથ ધરાઈ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરના અલગ અલગ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની કામગીરી આજે હાથ ધરવામાં આવી હતી. સંતરામપુર નગરના અલગ અલગ વિસ્તારોમાં સરકારના ૧૭ કરોડના પ્રોજેકટ માં ભૂગર્ભ ગટરની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નગરના અલગ અલગ વિસ્તારોમાં બનાવવામાં આવેલા પંપીંગ સેન્ટરોમાં કાર્યરત કરાયા હતા. દરેક વિસ્તારના બંધ પડેલા ચેમ્બરો ખુલ્લા કરીને તેને કાર્યરત કરવામાં આવેલા હતા. ટૂંક સમયની અંદર સ્થાનિક રહીશોને ભૂગર્ભ ગટરની કનેકશન જોડાણ કરવામાં આવશે અને સ્થાનિક રહીશોના અલગ અલગ વિસ્તારોમાં ગટરની કનેકશન આપ્યા બાદ ખુલ્લી ગટરોની બંધ કરી દેવામાં આવશે હવે ટૂંક સમયમાં સ્થાનિક રહીશોને ભૂગર્ભ ગટર યોજનાનો લાભ આપવાનો શરૂ કરવામાં આવશે હવે નગરની ખુલ્લી ગટરો બંધ કરી દેવામાં આવશે.

## સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઈતિહાસના દસ્તાવેજોનું પ્રદર્શન અને વ્યાખ્યાનનું આયોજન કરાયું



સંતરામપુર,
આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના ઈતિહાસ વિભાગના ઉપક્રમે "આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે અભિલેખાગર અને ઈતિહાસ" વિષય પર ઈતિહાસના દસ્તાવેજોનું પ્રદર્શન અને વ્યાખ્યાનું આયોજન થયું હતું. રાજ્ય દફ્તર ભંડાર ગાંધીનગરના નિવૃત અધ્યક્ષ જીતેન્દ્ર વી.શાહના સહકાથી લગભગ ૧૫૦ થી વધુ દસ્તાવેજોનું પ્રદર્શન રાખવામાં આવેલ. પ્રદર્શનનું ઉદ્દઘાટન ભારતીય જનતા પાર્ટી મહિસાગર જીલ્લા પ્રમુખ દશરથસિંહ બારીયાના હસ્તે કરવામાં આવ્યું. સાથે કોલેજના પ્રિ.અભય પરમાર, સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી સામેલ થયા હતા. પ્રદર્શનમાં ઐતિહાસિક મહત્વ ધરાવતા દસ્તાવેજોની ઝાંખી કરાવવામાં આવી હતી. જુના દેશી રાજ્યોને લગતા દસ્તાવેજો, મહાત્મા ગાંધીજીને લગતા દસ્તાવેજો, સયાજીરાવ ગાયકવાડને લગતા દસ્તાવેજો રાજાઓના રાજચિન્હો, જુના સમાચાર પત્રો, સામાયિકો, રાજાશાહી વખતની સ્ટેમ્પ ટીકિટો વગેરે ઐતિહાસિક સામગ્રી પ્રદર્શનમાં મુકાઈ હતી. સાથે સાથે ઈતિહાસ વિષયના વિદ્યાર્થીઓ સમક્ષ જીતેન્દ્ર વી. શાહનું વ્યાખ્યાન પણ રાખવામાં આવેલ. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા મહેન્દ્રભાઈ ભાટીયા (કવિ અને લેખક) વગેરે ગ્રામજનો એ પણ પ્રદર્શનનો લાભ લીધો હતો. કાર્યક્રમનું આયોજન ઈતિહાસ વિભાગ અધ્યક્ષ પ્રો. અમૃત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ભારતીબેન ધનુલા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું.

## શહેરાના બાહી ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
કોરોનાના વધતા જતા કેસો વચ્ચે શહેરા તાલુકાના બાહી ગામ ખાતે મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં ૧૫ ગામ વચ્ચેનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ સેવા સેતુ કાર્યક્રમ માં આધારકાર્ડ ચુંટણીકાર્ડ સહિત અનેક યોજનાઓનો લાભ લેવા લાભાર્થીઓ આવ્યા હતા.

શહેરા તાલુકાના બાહી ગામ ખાતે મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં સાતમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. દલવાડા, ઝોઝ, ખાંડિયા સહિત આજુબાજુના ૧૫ ગામો વચ્ચેનો આ સેવા સેતુ કાર્યક્રમમાં સવારથી જ ઘણા બધા લાભાર્થીઓ અહીં આવી પહોંચ્યા હતા. મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ગામના અગ્રણી, તાલુકા પંચાયત સદસ્ય તેમજ સ્થાનિક ગામના સરપંચના વરદ્દહસ્તે દીપ પ્રાગટ્ય કરીને સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. એક જ સ્થળે થી આધારકાર્ડ, ચુંટણીકાર્ડ તેમજ આરોગ્યલક્ષી યોજના સહિત અનેક સરકારની લાભકારક યોજનાઓના લાભ અહી આવેલા ગ્રામજનોએ લીધા હતા. સેવા સેતુ કાર્યક્રમમાં આધાર કાર્ડ કઢાવવા માટે મોટી સંખ્યા લોકોનો અવર જવર વધુ રહી હતી. ઉલ્લેખનીય છે કે, આ સેવા સેતુ કાર્યક્રમ બાહી ગામ ખાતે રાખવામાં હતો. તે ગામ તરફ જવા માટે વાહનોની અવરજવર ઓછી હોવા સાથે બસો પણ ઓછી જતી હોય ત્યારે બીજા ગામના ઘણા બધા લોકોને અહી પહોંચવા માટે ના છુટકે ખાનગી વાહનમાં મુસાફરી કરવાની ફરજ પડી હતી.

## ૨૭ જાન્યુઆરીએ પંચમહાલ જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

ગોધરા,
નિવાસી અધિક કલેક્ટર, પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આગામી ૨૭.૦૧.૨૦૨૨નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. જે માટે અરજદારોએ પોતાની અરજી તા. ૧૦.૦૧.૨૦૨૨ સુધીમાં કલેક્ટર કચેરી ખાતે પહોંચાડવાની રહેશે. અરજદારે અરજીમાં ફરજિયાત રીતે પોતાનું નામ-સરનામું, મોબાઈલ નંબર, સહી કરીને પ્રશ્નો મોકલવાના રહેશે. સરકારી કર્મચારીની નોકરી ને લગતા પ્રશ્નો, કોર્ટ મેટર ને લગતા પ્રશ્નો તથા અસ્પષ્ટ રજૂઆતવાળી અરજીઓ, એક કરતાં વધુ કચેરી/વિભાગને સંલગ્ન પ્રશ્નો, વ્યક્તિગત આક્ષેપવાળી અરજીઓ, આંતરિક તકરારને લગતી અરજીઓ ન મોકલવી. જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરતા પહેલાં જે તે સંલગ્ન કચેરીને અરજી કરેલી હોવી જોઈએ અને જો જવાબ મળેલ ન હોય તો જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજી ધ્યાને લઈ શકાશેમાટે જિલ્લા સ્વાગતની અરજી સાથે જે-તે કચેરીને કરેલી અરજીની નકલ જોડવાની રહેશે તેમ યાદીમાં જણાવાયું છે.

## ગોધરા સરદાર નગર ખંડ પાછળ ફરક આંકનો જુગાર રમતા ૩ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,
ગોધરા સરદાર નગર ખંડની પાછળના રોડની સાઈડમાં ખુલ્લામાં ફરક આંકના મટકા જુગાર સ્થળે પોલીસે રેઈડ કરી ૩ ઈસમોને ૧૫,૪૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સરદાર નગર ખંડ પાછળ કિસ્મત સર્વિસ સેન્ટર પાસે ખુલ્લામાં વરલી મટકા ફરક આંકનો જુગાર રમાતો હોય તે સ્થળે એ ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રસીદ ઉર્ફે બંડલ મહેબુક મલેક, નજીમખાન રસીદખાન પઠાણ, ઈસ્માઈલ અશરફ્ફમીયા મલેકને ઝડપી પાડયા હતા. અંગઝડતી દરમિયાન રૂા.૫,૪૫૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે નાશી છુટેલ ત્રણ જુગારીયાની વિરૂદ્ધ જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષક ગુરૂ ચાણક્ય એવોર્ડથી સન્માનિત


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
અખિલ ભારતીય શૈક્ષણિક પરામર્શ અને શિક્ષક સન્માન સમારોહ-ત્રિલોક જ્ઞાનોત્સવ ૨૦૨૨ યુનિવર્સિટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, રૂડકી - હરિદ્વાર (ઉત્તરાખંડ) ખાતે યોજાયો.

આ કાર્યક્રમમાં ડો.મહેશ શર્મા કુલપતિ મહાત્મા ગાંધી સેન્ટ્રલ યુનિવર્સિટી મોતીહાર-બિહાર, પુષ્પા રાની ઘરમાં પૂર્વ નિર્દેશક એસ.સી.ઈ.આર.ટી.- દહેરાદૂન, પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામી મુખ્ય અધ્યક્ષ જીવનદીપ આશ્રમ -રૂડકી, સતીષ શર્મા સિનેમા અભિનેતા અને ફિલ્મ પ્રોડ્યુસર દહેરાદૂન, ગૌરવ ગોયલ મેયર નગરપાલિકા -રૂડકી, ડો.એસ.પી. ગુપ્તા કુલપતિ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ કોલેજ રૂડકી -હરિદ્વાર, ગોપાલ અગ્રવાલ સદસ્ય બાળ કલ્યાણ સમિતિ હરિદ્વાર, કુંદનસિંહ ના. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, કાન્ત પુરોહિત-રૂડકી સતીશ કુમાર શર્મા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી - બડૌત, ઉત્તર પ્રદેશ તથા સંયોજક સંજય વત્સ અને આયોજકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં રાજેશકુમાર પટેલ દ્વારા બાળકોને શિક્ષણમાં વિવિધ નવતર પ્રયોગો અને સમાજીક પ્રવુતિઓ કરવા બદલ તેમને ગુરૂ ચાણકય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## વિરપુર તાલુકાની ૧૦ થી ઓછા વિદ્યાર્થી ધરાવતી ૩ પ્રા.શાળા મર્જ કરાઈ

વિરપુર,
વિરપુર તાલુકાના ૬૨ ગામોની ૧૩૯ સરકારી શાળામાં ધો-૧ થી ૮ સુધી વિના મુલ્યે શિક્ષણ અપાય છે. સરકાર દ્વારા ૧૦થી ઓછી સંખ્યા ધરાવતી સરકારી પ્રા.શાળાઓને નજીકમાં આવેલી શાળાઓમાં મર્જ (સમાવેશ) કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેને પગલે ચાલુ શૈક્ષણિક વર્ષમાં જિલ્લા પંચાયત હસ્તકની વરધરા, હાંડિયા, નવા મુવાડા (રાજપુર), કુલ ૩ શાળા નજીકમાં આવેલી શાળામાં મર્જ કરી દેવામાં આવી છે. ૩ પ્રાથમિક શાળા મર્જ થતાં ૬ શિક્ષકોને અન્યત્ર શાળામાં સમાવી લેવામાં આવ્યા છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : સામાજિક સેવામાં રુચિ વધશે, વહીવટી કામમાં નુકસાનથી સંભાળવું, સ્નેહીમિત્રોની મુલાકાતથી મન પ્રસન્ન જણાશે, વાયુજન્ય બીમારીમાં સાવધાની રાખવી.

વૃષભ (બ.વ.ઉ.) : શેર સટ્ટાના કામકાજમાં લાભની સંભાવના, પરિવારમાં સાધારણ ક્લેશ જણાશે, નાના-મોટા રોકાણમાં લાભ થાય, માનસિક ચિંતાથી દૂર રહેવું.

મિથુન (ક.છ.ઘ.) : ધંધા-નોકરીમાં ઉત્તમ તક મળે, કુટુંબ પરિવારના સહયોગથી લાભ થાય, દામ્પત્ય સુખમાં વૃદ્ધિ થાય, લે-વેચના કામકાજમાં લાભની સંભાવના.

કર્ક (ડ.હ.) : વ્યવસાયના કામમાં આવકમાં વૃદ્ધિ, મશીનરીને લગતા કામકાજમાં ફાયદો, ભાગીદાર પાર્ટનર સાથે યાત્રાના યોગ બને, સકારાત્મક વિચારોથી સાથીઓનો સહયોગ.

સિંહ (મ.ટ.) : વ્યવસાયમાં નવા કામ મળે, સાથી કર્મચારી અને સહયોગીથી લાભ, માબાપના આશીર્વાદથી અધૂરા કામ પૂરા થાય, તબિયતની બાબતે સાચવીને કામકાજ કરવું.

કન્યા (પ.ઠ.ણ.) : કોઈપણ પ્રકારની ઉધારી કરવી નહીં, લેવડ-દેવડ અને નાણા બાબતે સાચવવું, મંગલ પ્રસંગના કોઈ સારા સમાચાર મળશે, નજીકના સગા-વ્હાલાથી પરેશાની જણાય.

તુલા (ર.ત.) : સ્વાસ્થ્યની બાબતે સાવધાની રાખવી, ચંચળ સ્વભાવને સરળ બનાવો, કારણ વગરની યાત્રાથી બચવું, આપના કરેલા સારા કામની સરાહના થાય.

વૃશ્ચિક (ન.ય.) : નોકરી-ધંધામાં ધોખાધડીથી બચવું, સંપત્તિ બાબતે વિચારીને નિર્ણય લેવો, સાથી મિત્રોનો ઉત્તમ સહકાર મળે, તબિયત બાબતે કાળજી રાખવી.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે, જવાબદારીવાળા કામમાં યશ મળશે, લાપરવાહીથી કરેલા કામમાં નુકસાન થશે, જૂના દર્દ અને પરેશાનીઓમાંથી મુક્તિ મળે.

મકર (ખ.જ.) : સગા સ્નેહીજનોથી આર્થિક સહકાર મળશે, કોઈપણ જાતના રોકાણ માટે સમય સારો નથી, સાથીઓને મદદ કરવાથી પ્રસન્નતા વધશે, ટેકનિકલ ક્ષેત્ર સાથે જોડાયેલાને લાભ જણાય.

કુંભ (ગ.સ.શ.ષ.) : મિત્રો દ્વારા માનસિક વ્યથા અનુભવાશે, પરિવારમાં મોટાની મીઠી નજરથી લાભ થશે, નોકરી-ધંધામાં લાભ થશે, ભાગીદારીથી મનમુટાવ જણાશે.

મીન (દ.ચ.ઝ.થ.) : વાહન ચલાવવામાં કાળજી રાખવી, વેપાર-ધંધામાં મહેનત વધશે, અંગત માણસો સાથે ઉધારીથી બચવું, માનસિક અશાંતિનો અનુભવ થશે.

# દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં દબાણ હટાવવાની કામગીરી પુરજોશમાં

દે.બારીઆ,

દેવગઢ બારીઆ નગરમાં તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે નગરમાં આવેલ મોટા ભાગના દબાણો તંત્ર દ્વારા હજુ પણ ન હટાવતાં લોકોમાં નારાજગી સહિત અનેક સવાલોએ જન્મ લીધો છે. દેવગઢબારિયા નગરપાલિકાના ચિફ ઓફિસર સહિત પાલિકા ટીમ દ્વારા દબાણો હટાવવાની ઝુંબેશ ચલાવવામાં આવી દેવગઢબારિયા શહેરમાં આવેલ લારી, ગલ્લા, શાકભાજીવાળા તેમજ અન્ય ધંધાવાળાઓએ બજારમાં રોડની સાઈડમાં દબાણો કરી ધંધા કરતાં હોવાથી દેવગઢબારીઆ શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યાઓ વધતી જતી હોય છે. જેના કારણે અકસ્માતના પણ બનાવો બનતાં હોય છે. જેના કારણે દેવગઢબારીઆ નગરપાલિકા ચિફ ઓફિસર

**દેવગઢ બારીઆના ઘણા મોટા વિસ્તારોમાં દબાણો યથાવત રહેતાં લોકોમાં નારાજગી**

વિજય ઇટાલીયા તેમજ પાલિકા પુરી ટીમ સહિત દબાણો હટાવવાની કામગીરી પુરજોસમાં ચલાવવામાં આવી રહી છે. ત્યારે અમુક વ્યપારોઓ સાથે બોલાચાલી પણ થતાં જોવા મળી રહી અને બોલા ચાલીનું કારણ લોકો દ્વારા એવું જાણવા મળી રહ્યું છે કે, પાલિકાની દબાણ ટીમ સાથે સંકળાયેલા લોકોનાં દબાણો હટાવવામાં નથી આવતાં અને ગરીબોની રોજી રોટી છિનવી રહ્યાં છે. આ કેવો ન્યાય તે લોકો પુછી રહ્યાં છે. ગરીબો સાથે અન્યાય કેમ ? અમુક દુકાનોવાળા પાસે રૂપિયા ૫૦૦ની પાવતી આપી દંડ વસુલી માડવાળ પણ કરવામાં આવેલ છે અને અમુક દબાણો કરી દબાણ વાળી જગ્યા પર દુકાનો યથાવત રાખવામાં આવેલ છે જે વિસ્તાર કે, બસ સ્ટેશન રોડ, કન્યા શાળા રોડ, સંચાગલી વિસ્તાર સાત માળની બિલ્ડિંગ સુધીનું, પીપલોદ રોડ, જેવા અનેક વિસ્તારોમાં હજુ પણ મોટા પાયે દબાણો યથાવત છે. જેના કારણે અમુક વ્યપારીઓમાં નારાજગી પણ જોવા મળી જો ગરીબો સાથે ક્યાર સુધી અન્યાય થશે ? આ બાબતે દેવગઢબારીઆ ચિફ ઓફિસર મીડિયા સાથે વાતચીત કરવા પણ તૈયાર નથી અને તેમની પાસે પુરતો સમય પણ નથી. જેના કારણે જનતામાં કહી ખુશી કહી ગમી જેવા દ્રશ્યો જોવા મળ્યાં હતાં.

# દાહોદ જીલ્લાના ત્રણ અલગ-અલગ સ્થળોએથી ૮૨.૯૭ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર દાહોદ જિલ્લા પોલીસે કુલ ત્રણ જુદા જુદા સ્થળોએ પ્રોહી રેડ કરી કુલ રૂા. ૮૨,૯૭૯ ના પ્રોહી જથ્થા સાથે મોટરસાઈકલ તેમજ ફોર વ્હીલર વાહનો જપ્ત કર્યાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ જિલ્લાના ધાનપુર નગરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૧મી ડિસેમ્બરના રોજ રાહુલભાઈ દુરસીંગભાઈ કીરાડ, ગોલુભાઈ કરમાભાઈ કિરાડ (બંન્ને રહે.ગોલઆંબા, તા.કઠીવાડા, જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ), વિદેશીકુમાર શંકરભાઈ રાઠવા અને હિતેશભાઈ ફતેસિંહ બારીઆ (બંન્ને રહે. ગઢવેલ, વેડ ફળિયુ, તા.ધાનપુર, જિ.દાહોદ) આ ચારેય જણા એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજાની મોટરસાઈકલ પર વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યાં હતા. ત્યારે પોલીસને મળેલ બાતમીના આદારે પોલીસે તેઓનો પીછો કરતાં ઉપરોક્ત ઈસમ પોતાના કબજાની મોટરસાઈકલ સ્થળ પર મુકી નાસી ગયાં હતા. પોલીસે મોટરસાઈકલ પાસેથી વિદેશી દારૂની બોટલો નંગ. ૫૨૮ કિંમત રૂા. ૬૮૬૪૦ સાથે મોટરસાઈકલ કબજે કરી ઉપરોક્ત ચારેય ઈસમો વિરૂધ્ધ ધાનપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ ધાનપુર તાલુકાના પીપેરો ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૧મી ડિસેમ્બરના રોજ એક તુફાન ફોન વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની તુફાન ફોર વ્હીલર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન નાકાબંધીમાં ઉભેલ પોલીસને જોઈ તુફાન ફોર વ્હીલર ગાડીનો ચાલક પોતાના કબજાની તુફાન ફોર વ્હીલર ગાડી સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે તુફાન ફોર વ્હીલર ગાડી કબજે કરી અંદરથી વિદેશી દારૂની દારૂની બોટલો નંગ. ૩૮૬ કિંમત રૂા. ૫૦,૧૮૦ના પ્રોહી જથ્થા સાથે ધાનપુર પોલીસે ફરાર તુફાન ફોર વ્હીલર ગાડીના ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ દાહોદ તાલુકાના દેલસર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૩૧મી ડિસેમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે દેલસર ગામે પણદા ફળિયામાં રહેતાં રાજેશ ઉર્ફે બાબુભાઈ સાંસીના રહેણાંક મકાનમાં પોલીસે ઓચિંતો છાપો મારતાં પોલીસને જોઈ રાજેશભાઈ ઉર્ફે બાબુભાઈ સાંસી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના મકાનની તલાસી લેતાં તેમાં પોલીસે વિદેશી દારૂની બોટલો નંગ. ૯૦ કિંમત રૂા. ૨૫,૯૩૫ના પ્રોહી જથ્થા સાથે ફરાર ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ દાહોદ તાલુકાના પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધો.૧ થી ૧૨માં મોટાભાગની મા.શાળાઓમાં વાલીઓએ બાળકોને ઓફ લાઈન વર્ગો માટે શાળાએ મોકલવાનું મુનાસીબ સમજતા નથી

દે.બારીઆ,

સમગ્ર રાજ્યોમાં સૌથી વધુ એટલે રાજયના ૫૦ ટકા કોરોના સંક્રમિતોની સંખ્યા અમદાવાદ શહેરમાં નોંધાઈ છે. જ્યારે સૌથી વધુ કોરોના સંક્રમિત વિદ્યાર્થીઓની સંખ્યા સુરત શહેર માંથી મળી આવ્યા છે. દૈનિક કેસોમાં લગભગ દરરોજ બે થી ત્રણ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત મળી રહ્યા છે.

ગુજરાત રાજ્યમાં દર એક કલાકે ૪૪ વ્યકિતઓને સંક્રમણ થઈ રહ્યું છે. જેથી ધો.૧ થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓ તેમના લખતે જીગરોને કોરોનાના સંક્રમણ ના આવે તેના માટે બાળકોને ઓફલાઈન વર્ગોમાં શાળાએ નથી મોકલાવી રહ્યા તેઓને ઘરે જ ઓનલાઈન અભ્યાસ અને પ્રાઈવેટ ટ્યુશન પર નિર્ભર રહેવાનું મુનાસીબ માણી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, કોરોનાની ત્રીજી સંભવિત લહેર થી બચાવવા માટે શાળામાં આવી રહેલા ઓફલાઈન વર્ગોમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી થી જણાઈ રહયું છે. દે.બારીઆ તાલુકા અને શહેરની મા.શાળાઓ ઓફલાઈન વર્ગોમાં વિદ્યાર્થીઓની હાજરી હાલના તબકકે સતત ઓછી થઈ રહી છે. સ્કુલોની બસો વિદ્યાર્થીઓને લેવા જાય છે. તે બસો ખાલીખમ આવતી દેખવા મળી રહી છે. હજુ પણ અનેક વાલીઓ તેમના વ્હાલા બાળકોને સ્કુલમાં નહીં મોકલવાનું મન બનાવી લીધું છે. આ પરિસ્થિતી વાલીઓની સહમતી પત્ર લખાય લેવાના આદેશ બાદ પેદા થયેલી જણાય છે.

દાહોદ જીલ્લાનું શૈક્ષણિક વિભાગ આ બાબતે તમામ દાહોદ જીલ્લાની પ્રા.શાળાઓ અને મા. શાળાઓ શાળાની ગેરહાજરી જેમાં વિદ્યાર્થી તેમજ શિક્ષકો હાજર અને ગેરહાજરી ટકાવારી મેળવની તજવીજ ખાસ હાથ ધરે તો ચોંકાવનારી વિગતો બહાર આવે તો નવાઈ નહીં.

# દાહોદ જિલ્લામાં ભાજપાના પ્રશિક્ષણ વર્ગોનો ધમધમાટ શરૂ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં તારીખ ૧ જાન્યુઆરી થી તારીખ ૩ જાન્યુઆરી સુધી ભારતીય જનતા પક્ષના મંડળ કક્ષાના પ્રશિક્ષણ વર્ગોનો શુભારંભ થઇ ગયો છે. જેમાં કાર્યકરોને વિવિધ વિષયો ઉપર પરીક્ષણ આપવામાં આવનાર છે. વરિષ્ઠ નેતાઓ વકતા તરીકે ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપનાર છે.

ભારતીય જનતા પાર્ટીના મંડળ કક્ષાના પરીક્ષણ વર્ગો દાહોદ જિલ્લામાં તમામ સ્થળોએ તારીખ ૧ જાન્યુઆરી થી તારીખ ૩ જાન્યુઆરી સુધી ચલાવવામાં આવનાર છે. આ કાર્યક્રમોમાં દાહોદ જિલ્લા ભાજપાના પ્રમુખ શંકરભાઈ અમલીયારના નેજા હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજાનાર છે. શંકર અમલીયાર દ્વારા આજરોજ ઝાલોદ તાલુકામાંથી દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. ઠેર ઠેર આજે પહેલી તારીખ પ્રશિક્ષણ વર્ગોનો શુભારંભ થયો હતો. કાર્યક્રમોમાં વરિષ્ઠ નેતાઓ કાર્યકર્તાઓ વચ્ચે ઉપસ્થિત રહી કાર્યકર્તાઓનું માર્ગદર્શન કરશે. સ્થળો પર રાત્રી રોકાણ ફરજીયાત કરવામાં આવ્યું છે જેમાં કાર્યકર્તાઓ સહિત નેતાઓ માટે રહેવા, જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેવી રીતે સૈનિકોને તૈયાર કરવામાં આવે છે તેવી રીતે કાર્યકર્તાઓનું ઘડતર કરવાનો નિર્ધારિત કાર્યક્રમ શરૂ થઈ ગયો છે. પ્રથમ દિવસે જ ઠેર ઠેર જગ્યાએ કાર્યકર્તાઓએ પ્રશિક્ષણ વર્ગોમાં કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉસ્થિત રહ્યાં હતાં અને કાર્યકર્તાઓમાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે.


# દે.બારીઆના ડાંગરીયા ગામે સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ડાંગરીયા ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને એક યુવકે પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૪મી નવેમ્બરના રોજ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં ચાઠી ગામે ગોયા ફળિયામાં રહેતો રાજેશભાઈ ચંદ્રાભાઈ બારીયાએ દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી દ્વારા એક દિવસ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું



સંજેલી,

સંજેલી તાલુકામાં જય અંબે એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ છેલ્લા ૧૬ વર્ષથી કાર્યરત છે. જેમા ધોરણ ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે તેમજ અનાથ, અપંગ અને અતિ ગરીબ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન તેમજ તાલીમ આપવામાં આવે છે.

આજ રોજ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ના સંચાલક અને જય અંબે એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા વિદ્યાર્થીઓ બુદ્ધિ ક્ષમતા વિકસે, અને પ્રકૃતિનો આનંદ માણી શકે એ હેતુસર એક દિવસનો શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૫બાળકોને ગુરૂ ગોવિંદની ભૂમિ માનગઢના દર્શન કરાવ્યા અને અમર ઈતિહાસ વિશે વિદ્યાર્થીને સમજ આપવામાં આવી હતી. ત્યાંથી કડાણા ડેમ, ઘોડિયાર નદીનાથ મહાદેવના દર્શન કરવામાં આવ્યા. દિવડાના વતની મેખર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ડામોર રિતેશભાઈના સહયોગ અને કનુભાઈઠાકરના સહયોગી મિત્રો દ્વારા તમામ વિદ્યાર્થીઓ દાળ, ભાત, પૂરી-શાક, ગુંદીનું સુંદર મજાનું ભોજન આપવામાં આવ્યું હતું તમામ વિદ્યાર્થીઓ નદીનાંથ મહાદેવના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

આ એક દિવસ શૈક્ષણિક પ્રવાસનું આયોજન ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક દિલીપકુમાર એચ.મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં મોરા થી અશ્વિન, સોનલબેન, સંજેલી થી જનતાબેન મકવાણા, નિકીતાબેન સેલોત, કિરણભાઈ સેલોત, પરમાર રશ્મિકા સીસ્ટર આ પ્રવાસમાં પોતાની ફરજ બજાવી હતી. તમામ વિદ્યાર્થીઓને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા વિદ્યાર્થીઓ અભિનંદન આપવામાં આવ્યા હતા.

# દાહોદ જીલ્લા પ્રા.શિક્ષક સંઘ દ્વારા ભુવાલ કલસ્ટરમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકનું સન્માન



દાહોદ,

કોરોના મહામારીમાં શિક્ષણ આપવું એક પડકાર હતો. ત્યારે ફળીયા શિક્ષક અને ઓનલાઈન શિક્ષણ દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય શૈલેષભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું છે. કોરોના મહામારીમાં તેમના માર્ગદર્શન નીચે ગુજરાત ગૌરવદિન સ્પર્ધામાં ૩૫ બાળકોએ ભાગ લઈ નિંબધ લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ૧૫,૦૦૦/-રૂપીયાનો રોકડ પુરસ્કાર મેળવેલ છે. દાહોદ રેડક્રોસ આયોજીત ચિત્રસ્પર્ધામાં તેમના માર્ગદર્શનની નીચે ૨૬ વિદ્યાર્થીએ ભાગ લીધેલ છે. સ્વામી વિવેકાનંદ આશ્રમ રાજકોટ આયોજીત વક્તૃત્વ સ્પર્ધામાં ૧૬ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભાગ લીધેલ છે. બોર્ડ દ્વાા યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થીએ ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું છે. શૈલેષભાઈ સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી સતત આગળ વધવાની પ્રેરણા આપવા બદલ દાહોદ જીલ્લા સંઘ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું છે.

# દાહોદમાં આજે વધુ એક કોરોના કેસ નોંધાયો એકટીવ કેસનો આંક-૧૦ ઉપર પહોંચ્યો

દાહોદ,

દાહોદમાં આજે વધુ એક કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં એક્ટીવ કિસનો આંકડો ૧૦ને પાર થઈ ગયો છે. દાહોદ જિલ્લામાં હવે કોરોના ધીમે ધીમે પગપેસારો કરી રહ્યો છે. તેમ કહીએ તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય. કોરોનાના દિવસે દિવસે વધતાં કેસોને પગલે આરોગ્ય તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે કામગીરી આરંભ કરી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આજે આર.ટી.પી.સી.આર. ના ૧૧૧ પૈકી ૦૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો છે. આ ૦૧ કેસ દાહોદ અર્બનમાંથી સામે આવ્યો છે. આજે રેપીટ ટેસ્ટ મળી કુલ ૧૧૪૯ કોરોના ટેસ્ટ થયાં હતાં. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૫૬ને પાર થઈ ગયો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૩૩૯ લોકોએ પોતાનો જીવ ગુમાવી ચુંક્યાં છે. કોરોનાની સંભવતઃ ત્રીજી લહેરના ભણકારા વચ્ચે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર સમેત વહીવટી તંત્રએ આગોતરી તૈયારીઓના ભાગરૂપે હોસ્પિટલમાં બેડોની વ્યસ્થા વધારવા તરફ પણ ધ્યાન આપી રહ્યાં છે.

# ધાનપુરના ખોખરા ગામે સગીરાનું અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખોખરા ગામે પત્ની તરીકે રાખવા સારૂ એક ૧૭ વર્ષીય સગીરાનું યુવક દ્વારા બળજબરીપૂર્વક અપહરણ કરી લઈ નાસી જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ધાનપુર તાલુકાના ખોખરા ગામે નિશાળ ફળિયામાં રહેતો અક્ષયભાઈ દીપસિંહભાઈ પટેલ દ્વારા ગત તારીખ ૨૭મી ડિસેમ્બરના રોજ ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરા ઘરેથી દેવગઢ બારીયા કોલેજમાં જવા નીકળી હતી. તે સમયે અક્ષયભાઈ દ્વારા સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, પત્ની તરીકે રાખવા સારૂ બળજબરીપૂર્વક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આંગણવાડી તંત્રની બેદરકારી અને ભ્રષ્ટાચારના લીધે બાળકો કાચા મકાનમાં બેસી ભણવા મજબૂર



દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાનું નાનીરેલ ગામ આઝાદીના ૭૨ વર્ષ વિત્યા બાદ પણ આજે આંગણવાડીના પાકા મકાન થી વંચીત રહેતા સરકાર ના વિકાસ ના દાવા પોકળ સાબીત થઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા કુપોષિત બાળકો માટે અનેક યોજનાઓ કાર્યરત છે. જેમાં આવા બાળકો માટે ગામડાઓમાં આંગણવાડી કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. જોકે,આજે પણ કુપોષણમાં દાહોદ જીલ્લો પ્રથમ ક્રમાંકે હોવા છતાંય સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ બાબતે કોઈ યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. ગ્રામ્ય કક્ષાના બાળકોને પ્રાથમિક ભણતર પણ માત્ર આંગણવાડી કેન્દ્રો માંથી જ મળતું હોય છે. જોકે, અહીંયા તો ફતેપુરા તાલુકાના નાનીરેલ ગામે આઝાદી પછી આજદિન સુધી બાળકોને આંગણવાડીનું પાકુંમકાન મળ્યું નથી. આજે પણ આંગણવાડીના બાળકો ખાનગી મકાનમા બેસી ભણવા મજબૂર બન્યા છે. સ્થાનિક ખેડુતે આંગણવાડી બનાવવા સરકારને દાન પેટે જમીન આપી હતી. જોકે, વહીવટી તંત્ર દ્વારા ૨૦૧૧ માં દાન આપેલી જમીનમાં પાકું આંગણવાડી મકાન બનાવવા માટે પાયો ખોદવામાં આવ્યો હતો. પાયા લેવલનું કામ કર્યા બાદ આજદિન સુધી આ આંગણવાડીના મકાનનુંકામ પુર્ણ કરવામા આવ્યુંજ નથી. સ્થાનિકોએ તંત્રને વારંવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા આગણવાડીના મકાનનું કામ પૂર્ણ કરવા બાબતે કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ હાલ ૧૧૦ ઉપરાંત બાળકો આંગણવાડીમાં નોધાયેલા છે, પરંતુ હાલમા ખાનગી મકાનમા ચાલતી આંગણવાડી દુર પડતી હોવાથી બાળકો ત્યાં જતા નથી. કારણ કે, જે જૂની આંગણવાડીની જગ્યા હતી તેની જગ્યા એ હાલ ગામના ફળિયાથી દૂર અન્ય જગ્યાએ આંગણવાડી ખસેડવામાં આવી છે. જેના કારણે બાળકો જતા પણ નથી. હાલ પણ વહીવટી તંત્ર દ્વારા જે જૂની આંગણવાડીનો પાયો ખોદાયો છે. એ જ જગ્યાએ નવીન મકાન બનાવવામાં આવે તો ગ્રામજનોની સમસ્યાનો અંત આવે અને બાળકોને પણ પ્રાથમીક શિક્ષણનો લાભ મળે તેમ છે.

# ધાનપુરના આકાશવાણી ગામે ચુંટણીની અદાવતમાં છ વ્યકિતઓ એ ધીંગાણું મચાવ્યું

દાહોદ,

ધાનપુર તાલુકાના આકાશવાણી ગામે ગ્રામ પંચાયતની ચૂંટણી સંબંધી છ જેટલા ઈસમોએ મારક હથિયારો ધારણ કરી એક વ્યક્તિના ઘરે આવી ભારે ધીંગાણું મચાવી મહિલા સહિત ૨ જણાને માર મારતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગત તારીખ ૩૧મી ડિસેમ્બરના રોજ ધાનપુર તાલુકાના આકાશવાણી ગામે પટેલ ફળિયામાં રહેતા રાજુભાઈ દિનેશભાઈ, સંદીપભાઈ દિનેશભાઈ, હિંમતભાઈ સનુભાઈ, હીરાભાઈ તેરીયાભાઈ, સુરમલભાઈ વરસીંગભાઈ અને મનુભાઈ મંગળાભાઈ તમામ જાતે તડવીનાઓએ પોતાની સાથે હાથમાં મારા હથિયારો જેવા કે, લોખંડની પાઈપ, લાકડીઓ લઈ તેઓના ગામમાં રહેતા સુક્રમભાઈ મૂળિયાભાઈ સંગાડાના ઘરે આવ્યા હતા અને વિક્રમભાઈ તથા તેમના પરિવારજનોને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, તમે ચૂંટણીમાં હારી ગયા છો તો હજી કેમ આ બાજુ ફરો છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ લોખંડની પાઈપ તથા લાકડીઓ વડે તેમજ ગડદાપાટુનો મારમારી સુક્રમભાઈ તથા લલીબેનને મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ભારે ધીંગાણું મચાવી ગામમાં ભયનો માહોલ ઊભો કર્યો હતો.

આ સંબંધે ઈજાગ્રસ્ત સુક્રમભાઈ મૂળિયાભાઈ સંગાડાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના નાકટી ચોરબારીયા ગામે યુવતિને ઈસમોએ છેડછાડ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નાકટી ચોરબારીયા ગામે બે જેટલા ઈસમોએ એક એક ૨૦ વર્ષીય પરણિત યુવતીને ઘર સુધી છોડી દેવાની લાલચ આપી મોટરસાયકલ પર બેસાડ્યા બાદ યુવતીને જંગલ જેવા વિસ્તારમાં લઈ ગયા હતા અને ત્યાં યુવતી સાથે છેડછાડ કરી તેમજ યુવતીને ગડદાપાટુનો માર મારતાં યુવતી દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૧મી નવેમ્બરના રોજ ધાનપુર તાલુકામાં રહેતી ૨૧ વર્ષીય પરિણીતા ધાનપુર તાલુકામાંથી બપોરના બાર વાગ્યા આસપાસ ચાલતી ઘરે જવા રસ્તેથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન ધાનપુર તાલુકાના ચોરબારીયા ગામએ ગુંજારીયા ફળિયામાં રહેતા નાથુભાઈ સોનાભાઈ લબડા અને કમલેશભાઈ ભુપતભાઈ બારીઆ તે સમયે ૨૧ વર્ષીય પરિણીતા પાસે મોટરસાયકલ લઈ આવ્યા હતા અને પરિણીતાને તેના ઘરે સુધી છોડી દેવાની લાલચ આપી ઉપરોક્ત બંને ઈસમોએ પોતાના કબજાની મોટરસાયકલ પર પરિણામે બેસાડી લઈ ગયા હતા અને રસ્તામાં નાકટી ચોરબારીયા તરફ આવેલા સુમસામ જંગલ જેવા વિસ્તારમાં મોટરસાઈકલ ઊભી રાખી હતી અને ઉપરોક્ત બંને ઈસમોએ તારૂં કામ છે, તેમ કહી પરિણીતાની છેડતી કરી હતી. આ દરમિયાન પરણિતાએ ના પાડી પ્રતિકાર કરતા ઉપરોક્ત બંને ઈસમ દ્વારા પરણિતાને ગડદાપાટુનો માર મારી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા.

આ સંબંધે છેડતીનો ભોગ બનેલ ૨૧ વર્ષીય પરિણીતા દ્વારા રાધનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના લીમડી બાયપાસ રોડ ઉપર બે બાઈકો વચ્ચે અકસ્માતમાં ૧ વ્યકિતનું મોત

દાહોદ,

ઝાલોદ તાલુકાના લીમડી ગામે બાયપાસ રોડ ઉપર એક મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતી અન્ય એક મોટરસાયકલ ચાલકને અડફેટમાં લેતા મોટરસાયકલ ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નિપજયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ એક મોટરસાયકલ ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ લીમડી ગામે બાયપાસ રોડ પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન સામેથી ફતેપુરા તાલુકાના કુપડા ગામે મહુડા ફળિયામાં રહેતા પંકજભાઈ મણિલાલ ડામોરની મોટરસાઈકલને અડફેટમાં લેતા પંકજભાઈ મોટર સાયકલ પરથી ફંગોળાઇ ગયા હતા અને તેઓને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું જ્યારે અકસ્માત સર્જનાર મોટરસાયકલ ચાલકને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી.

આ સંબંધે કુપડા ગામે મહુડા ફળિયામાં રહેતા મણિલાલ દલાભાઈ ડામોરએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.112

